# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## <u>અગત્યની જાહેરાત</u>

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટે તા. ૨૦/૦૧/૨૦૨૧ ના રોજ જાહેરાત ક્રમાંકઃ **૧૯૧/૨૦૨૦૨૧ થી ૧૯૭/૨૦૨૦૨૧** પ્રસિધ્ધ કરી ઓન–લાઇન અરજીપત્રકો મેળવવામાં આવેલ હતા. અને ઉકત અરજીપત્રકોની પ્રાથમિક ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની જાહેરાતમાં વર્ણવ્યા મુજબની પ્રથમ તબક્કાની **MCQ - OMR** પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી સપ્ટેમ્બર –૨૦૨૧ ના માસ દરમ્યાન ગાંધીનગર ખાતેના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજવાનો મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

**<u>અનિવાર્ય કારણોસર આ કાર્યક્રમમાં મંડળ ફેરફાર કરી શકશે.</u>**

| **અ.નં.** | **જાહેરાત ક્રમાંક** | **સંવર્ગનું નામ** | **પરીક્ષાની સંભવિત તારીખ** |
|---|---|---|---|
| ૧ | ૧૯૪/૨૦૨૦૨૧ | બાગાયત નિરીક્ષક | ૧૬/૦૯/૨૦૨૧<br>બપોરે ૧૫–૦૦ થી ૧૬–૩૦ કલાકે |
| ૨ | ૧૯૭/૨૦૨૦૨૧ | મેનેજર – ગ્રેડ –૨ (અતિથિ ગૃહ/ વિશ્રામગૃહ વ્યવસ્થાપક) | ૧૭/૦૯/૨૦૨૧<br>સવારે ૧૫–૦૦ થી ૧૭–૦૦ કલાકે |

સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલ લેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ પરીક્ષાની તારીખના ૧૦ દિવસ પહેલાં મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in પર મુકવામાં આવશે. તેમજ રદ થયેલ અરજીપત્રકોની વિગતો ( પરીક્ષા ફી ન ભરવાના કારણસર અને એક કરતાં વધુ અરજી કરેલ હોય તેવા કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક ગ્રાહ્ય રાખીને બાકીના અરજીપત્રકો ડુપ્લીકેશનના કારણસર રદ ગણવામાં આવેલ છે તેવા અરજીપત્રકોની) મંડળની વેબસાઇટ પર મુકવામાં આવશે. જેની સંબંધિત દરેક ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા તેમજ મંડળની વેબસાઇટ જોતા રહેવા આથી જણાવવામાં આવે છે.

સ્થળઃ– ગાંધીનગર
તા. ૧૩/૦૮/૨૦૨૧

Chauhan

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર